# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૦૩/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૨ લીટર દેશી દારૂ, ૧૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૯ બિયર ટીન, ૨ કાર, ૧ રિક્ષા અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૪૧/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** ગૌતમભાઇ ઉર્ફે લાલાભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. ગામ-થોળ તા-કડી જી-મહેસાણા) નાઓ તા.૧૧/૦૩/૨૦૨૫ સાંજના ૭/૨૫ વાગ્યાના સુમારે બોડકદેવ સુભાષપાર્ક જીન મંગલ બંગ્લોઝ સામે, નયનદીપ એપાર્ટમેન્ટની બાજુમાં આવેલ ગટર સાફ કરવા માટે ગટરની અંદર ઉતરતા તેમના હાથમાંથી દોરડું છટકી જતાં ગટરમાં પડી જતાં ગટરની અંદરના ગેસના લીધે ગુંગળામણ થતાં તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** ગાંધીનગર તા-દહેગામ ગામ-કડાદરા ખાતે રહેતા અને કુબેરનગર બંગલા એરીયા ભાર્ગવ રોડ જ્યોતિ ફુડ પ્રોડેકટની કંપનીમાં કામ કરતા અભિષેક કૈલાશ ગૌતમ (ઉ.વ.૨૧) (મુળ વતન. મદારાયગુમા તા-બિલહોર જી-કાનપુર ઉતરપ્રદેશ) તા.૧૦/૦૩/૨૦૨૫ સાંજના ૭/૫૦ વાગ્યાના સુમારે કંપનીની પાછળ પાણીની ટાંકી પાસે પાણી લેવા જતા અચાનક પાણીની ટાંકીમાં પડી જતા પાણીની ટાંકીની અંદર લગાવેલ ઈલેકટ્રીક મોટરમાંથી વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઈ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૪૨/૨૦૨૫**

**વાસણાઃ** લીલાબહેન ડો/ઓ અંબાલાલ ગરાસીયા (ઉ.વ.૨૦) (રહે. મલ્લીનાથ એપાર્ટમેન્ટ ચન્દ્રનગર વાસણા) તા.૦૫/૦૩/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે ગેસની પાઈપ લીકેજ થતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૩/૨૦૨૫ કલાક ૮/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૪૩/૨૦૨૫**

**વાસણાઃ** વિષ્ણુભાઈ સ/ઓ નાથાભાઈ દાતણીયા (ઉ.વ.૨૧) (રહે. ઔડાના મકાન ભાઠાગામ વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

**નારોલઃ** રાજેન્દ્ર નંદલાલ પાસી (ઉ.વ.૨૮) (રહે. શ્યામનગર સોસાયટી વિશાલનગરની ગલી નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પોતાની જાતે પોતાના ગળાના ભાગે ચપ્પુ વડે ગંભીર ઈજાઓ કરી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.લેઉવા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી